

આશિષ મંગલ યાચત બાલક, મંગલ અનુગ્રહદૃષ્ટિ રહે,
તવ ગુણકો આદર્શ બનાકર હમ સબ મંગલમાલ લહેં.

કહાન સં. ૨૫ સં. ૨૦૬૨ [૭૫૪] * આત્મધર્મ * [ અંક-૨ વર્ષ-૬૩ ] વીર સં. ૨૫૩૨ ઓગસ્ટ-૨૦૦૬

# ગુરુદેવશ્રીના ઉપદેશસાગરનાં અણમૂલા-રત્નો

## શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે, યત્નસાધ્ય તો નથી

શુદ્ધ ચૈતન્યનો અનુભવ તો સહજસાધ્ય છે એટલે કે એકલો પુરુષાર્થ જ કરું એમ નહીં પણ એની સાથે આત્માના સ્વભાવની—બધી શક્તિઓની પ્રતીતિ આવવી જોઈએ એમ લેવું. અનંતગુણનો પિંડ પ્રભુ એકલા વીર્યથી નહીં પણ તે અનંતગુણની દશાથી પ્રાપ્ત થાય તેવો છે.

પંચાધ્યાયીમાં આવે છે એકલા પુરુષાર્થ–વીર્ય–એક જ ગુણથી આત્મા જણાય એમ નથી. આત્મામાં અનંત શક્તિ છે તેની વર્તમાન દશા દ્વારા એ જણાય એવો છે. એકલો વીર્યગુણ જ કામ કરે એમ નથી. યત્નસાધ્ય નથી તેનો અર્થ આ રીતે ત્યાં કર્યો છે. એ અનંતગુણનો પિંડ પ્રભુ છે એને એકલી વીર્યની પર્યાયથી ન જાણવો, એને અનંતગુણોની પર્યાયને અંદર વાળીને જાણવો. ભાઈ! જન્મ, જરા, મરણથી રહિત થવાનો ઉપાય આ છે. બાકી બધાં થોથા છે.

## પર સાથે સંબંધ શું છે? પરને તો જાણતો પણ નથી

અહીં તો કહે છે કે પરને જાણતો નથી. આ...હા...હા...! કેવળી લોકાલોકને જાણે (એમ) કહેવું એ પણ અસદ્‌ભૂત વ્યવહાર છે. આ...હા...હા...! પર સાથે સંબંધ શું છે? પર અને સ્વની વચ્ચે અત્યંત અભાવનો મોટો કિલ્લો પડ્યો છે—સ્વદ્રવ્ય અને પરદ્રવ્યની પર્યાય વચ્ચે. દ્રવ્ય-ગુણ તો ધ્રુવ સામાન્ય છે....આ..હા..હા....! પર્યાય વચ્ચે અત્યંત (અભાવનો) કિલ્લો પડ્યો છે. ભગવાન આત્મા એવો એ કિલ્લો છે કે જેમાં પર્યાયનો પ્રવેશ નથી ! આ...હા...હા...!

## નિશ્ચયનય પૂજ્ય છે

પ્રમાણજ્ઞાનમાં નિશ્ચય અને વ્યવહાર બે ભેગા થયા હોવાથી તે પોતે જ સદ્‌ભૂત વ્યવહારનો વિષય છે; નિશ્ચયનો નહિ. તેથી તો કહ્યું કે નિશ્ચય છે તે પૂજ્ય છે કે પ્રમાણ પૂજ્ય છે કેમકે પ્રમાણમાં દ્રવ્ય ને પર્યાય બે ભેગા આવે છે અને નિશ્ચયમાં એકલું દ્રવ્ય આવે છે? તો કે પૂજ્ય છે નિશ્ચય. પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી તેથી તે પૂજ્ય નથી. નિશ્ચયને પૂજ્ય કહ્યું. ઝીણું છે બાપુ! ભગવાન આત્મા અખંડાનંદપ્રભુ નિશ્ચયનો વિષય છે માટે નિશ્ચયનય પૂજ્ય છે. પદ્મનંદિમાં તો વ્યવહારનયને પણ પૂજ્ય કહી છે પણ તે વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે, નિશ્ચયથી તે પૂજ્ય નથી. ❊ ❊ ❊

કહાન
સંવત-૨૫
વર્ષ-૬૩
અંક-૨
[૭૫૪]




વીર
સંવત
૨૫૩૨
સં. ૨૦૬૨
August
A.D. 2006

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

# દિવ્યધ્વનિનો સાર

[શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

['દિવ્યધ્વનિનો મંગળ દિવસ' તા. ૧૨-૭-૭૬]

આજ ભગવાન મહાવીરની દિવ્યધ્વનિનો દિવસ છે. શ્રાવણ વદ એકમના આજના દિવસે ભગવાનની પ્રથમ દિવ્યધ્વનિ છૂટી હતી. ભગવાનને કેવળજ્ઞાન તો વૈશાખ સુદ દશમના દિવસે થયું હતું પણ વાણી છૂટી ન હતી. ૬૬ દિવસ વાણી છૂટ્યા વિના પસાર થઈ ગયા. ઈન્દ્રને વિચાર થયો કે ભગવાનની વાણી કેમ ખીરતી નથી? તીર્થંકરની વાણી તો કેવળજ્ઞાન થતાં જ ખીરવી જોઈએ....પછી ઈન્દ્ર ગૌતમ પાસે ગયા, ગૌતમ વેદાંતના પારગામી હતાં તેને અહીં સમવસરણમાં ઈન્દ્ર લઈ આવ્યા, અને વાણી ખીરી. બરાબર શ્રાવણ વદ એકમના સૂર્ય ઉદયના કાળે વિપુલાચલ પર્વત ઉપર સમવસરણમાં વીરપ્રભુની મંગળ ઘડીએ મંગળ વાણી ખીરી તેમાં ભગવાને ભાવશ્રુતની પ્રરૂપણા કરી.

ગણધરદેવ ભાવશ્રુતપણે પરિણમ્યા ત્યારે જ ભગવાનની વાણી ભાવશ્રુતપણે ખીરી. વાણીમાં કેવળજ્ઞાન આદિ બધું આવી જાય પણ પ્રરૂપણા ભાવશ્રુતની કરી. એ વાણી ગૌતમગણધરદેવે સાંભળી. ગણધરપદ પામ્યા એ પણ આ જ દિવસ છે. ગણધરદેવે અંતરમુહૂર્તમાં ૧૨ અંગની રચના કરી તે પણ આ જ દિવસ છે.

ભગવાનની વાણીમાં ભાવશ્રુતનો અર્થ આવ્યો અને ભાવશ્રુતપણે પરિણમેલા ગણધરદેવે સૂત્ર રચ્યાં તે દ્રવ્યશ્રુત થયું. આજે ૧૨ અંગ અને ૧૪ પૂર્વની રચનાનો દિવસ છે. દિવ્યધ્વનિ ખીરી, ગણધરપદ પામ્યા, દ્રવ્યશ્રુતની રચના થઈ...આ બધાંનો આજે માંગલિક દિવસ છે. ઉગમણો દિવસ છે. સૂર્યના ઉદયકાળે જ આ બધાં કાર્ય થયાં.

આ વાણીમાં નવપદાર્થ સહિત છ દ્રવ્યનું અને વીતરાગીભાવનું જ્ઞાન આવ્યું. જેનાથી આત્મા વીતરાગી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે, વીતરાગી સ્વસંવેદનજ્ઞાન પ્રાપ્ત કરે, વીતરાગી ચારિત્ર પ્રાપ્ત કરે અને તેની પૂર્ણતા પ્રાપ્ત કરે એવો ઉપદેશ આજે ભગવાનની વાણીમાં આવ્યો હતો. સમજાણું કાંઈ! ભગવાને વાણીમાં વીતરાગભાવ જ વર્ણવ્યો છે.

પહેલાં આમાં આવી ગયું છે કે ભગવાન પાસે રાજાઓ ગયા, તેમણે પહેલાં તો આગમના પ્રશ્નો કર્યા. પણ, પછી શુદ્ધાત્માનો પ્રશ્ન કર્યો. પાંડવોએ નેમિનાથભગવાનને પ્રશ્નો કરેલાં, રામચન્દ્રજીએ દેશભૂષણ તથા કુલભૂષણ કેવળીને પ્રશ્ન કરેલાં અને ગૌતમદેવે મહાવીર ભગવાનને પ્રશ્ન કર્યો. ગૌતમને પહેલાં જીવ-અજીવની વાસ્તવિકતામાં સંદેહ હતો કેમ કે વેદાંતમાં પારંગત હતાં. તેથી એ સંદેહ દૂર થાય તેવા પ્રશ્ન કર્યા હતાં. અરે! ભગવાનના દર્શન કર્યાં ત્યાં જ મિથ્યાત્વ બધું ટળી ગયું. પછી ભગવાનની વાણી ખીરી છે. પાત્ર હતાં ને! માનસ્તંભ જુએ છે ત્યાં માન ગળી જાય છે અને એકદમ અંદરથી સાધુપણું આવી જાય છે. ભાવશ્રુતપણે પરિણમીને વાણી સાંભળે છે.

જિનવાણી સ્તુતિમાં આવે છે—

ચિદાનંદ ભૂપાલકી રાજધાની, નમો દેવી વાગેશ્વરી જિનવાણી.....વાગેશ્વરી એટલે વાઘના માથે સરસ્વતી બેઠી છે–એ નહિ. વાક્‌મા ઈશ્વરી એટલે પ્રધાન તે જિનવાણી છે. આવી વીતરાગની વાણીને ગૌતમ જેવા પાત્ર જીવ પામી ગયાં. તેમણે શાસ્ત્રની રચના કરી, તેમાંથી આ સમયસારાદિ શાસ્ત્રો આવેલાં છે. ધવલના પહેલા ભાગમાં ભગવાનની વાણીની તિથિ, વાર વગેરેનું ઘણું લાંબું લખાણ આપેલું છે. શાસ્ત્રોનો વિચ્છેદ થશે એમ ધારી ધરસેનાચાર્યે તેનો ઉપાય કર્યો. શાસ્ત્રોની પરંપરા નહિ રહે તો શું થશે એવો તેમને ભય થયો તેથી કોઈ નગરીમાં મુનિનો સંઘ ભેગો થયો હતો ત્યાં સંદેશો લખીને ધરસેન આચાર્યદેવે મોકલ્યો એટલે બે મુનિઓને ત્યાંથી મોકલ્યા જેનું નામ પુષ્પદંત અને ભૂતબલી પડ્યું. આ બાજુ ધરસેન આચાર્યને સ્વપ્ન આવે છે કે વિનયવંત અને શીલવંત એવા સફેદ બે બળદ આવીને નમસ્કાર કરે છે. એ સ્વપ્ન પૂરું થતાં ધરસેનાચાર્ય બોલે છે કે 'શ્રુતદેવતા જયવંત છે,' જેવી ધારણા હતી તેવા જ બે શિષ્યો આવી રહ્યાં છે.

બંને મુનિઓ આવીને ધરસેન આચાર્યને વંદન કરે છે. આ તો વીતરાગી મુનિઓ છે ને! ત્રણ દિવસ સુધી આચાર્ય કાંઈ ઉપદેશ આપતાં નથી. પછી વીતરાગી મુનિઓને તો વિકલ્પ આવે ત્યારે આવે, પછી કાંઈ ન હોય. ધરસેન આચાર્ય તો સંતોની પરિપાટીમાં પાકેલા આચાર્ય હતાં. ત્રીજા દિવસે મુનિઓ કહે છે કે પ્રભુ! અમે (શાસ્ત્રની રચના માટે)

આ માટે આવ્યાં છીએ ત્યારે આચાર્ય કહે છે, 'અચ્છા, કલ્યાણ હો!' ભાવમુનિ ભાવમુનિને કલ્યાણના આશીર્વાદ આપે છે. ત્રણકષાયના અભાવમાં મુનિઓ વીતરાગ આનંદના ઝૂલે ઝૂલે છે. સંદેશ લખીને બોલાવવા છતાં ત્રણ દિવસ સુધી બોલતાં નથી. શી એની વીતરાગતા! પછી તો ઉપદેશ આપે છે અને તેમાંથી આ ષટ્‌ખંડાગમની રચના થાય છે.

અહીં આપણે પરમાત્મપ્રકાશ ચાલે છે. તે પણ પરંપરાથી આવેલી સંતોની વાણી છે. ૪૯ ગાથા વંચાઈ ગઈ છે. ધવલમાં આ શાસ્ત્રોની રચનાના વખાણ બહુ લખ્યાં છે. દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભાવ બધાં મંગળ હતાં. 'દ્રવ્ય' તો ભગવાનનું હતું, 'ક્ષેત્ર' વિપુલાચલ પર્વત હતો, 'કાળ' શ્રાવણ વદ એકમનો હતો અને 'ભાવ'માં ભાવશ્રુતની રચના થઈ. આહાહા...! આ દિગંબર સંતો બધાં સર્વજ્ઞની પરંપરાના કેડાયતો છે. તેમની વાણી આ સમયસાર, પરમાત્મપ્રકાશ આદિમાં આવી તે ઠેઠ સર્વજ્ઞથી આવેલી છે. એ જ આ શાસ્ત્રોમાં ગોઠવાયેલી છે.

૪૯ ગાથાના ભાવાર્થમાં કહ્યું કે કર્મ તો કદી આત્મારૂપ થયાં નથી અને આત્મા કદી કર્મરૂપ થયો નથી એવી અનાદિકાળની મર્યાદા છે માટે કર્મોથી ભિન્ન જ્ઞાન-દર્શનમયી સર્વપ્રકારે ઉપાદેયરૂપ (આરાધવાયોગ્ય) પરમાત્માને તમે દેહ રાગાદિ પરિણતિરૂપ બહિરાત્મપણાને છોડીને, શુદ્ધાત્મપરિણતિની ભાવનારૂપ અંતરાત્મામાં સ્થિર થઈને ચિંતવન કરો! તેનો જ અનુભવ કરો!

ભગવાન આત્મા જ્ઞાન-દર્શનમય છે તે સંયોગમાં રહેલો હોવા છતાં સંયોગથી ભિન્ન છે, વિકાર પણ તેના સ્વભાવમાં નથી, એકલો જ્ઞાતા-દ્રષ્ટા સ્વભાવમય આત્મા છે તેનું ધ્યાન કર! તને તારી પર્યાયમાં વિષય બનાવ! સર્વ પ્રકારે ઉપાદેય પરમાત્માને તું બહારથી દેહ તરફની અને અંદરથી રાગ તરફની પરિણતિને છોડી દઈને, ચિંતવ! દેહ રહિત તો શુદ્ધાત્મા થયો અને રાગ રહિત તો શુદ્ધાત્મપરિણતિ થઈ એવી અંતરમાં પરિણતિ સ્થિર કર તો ઉપાદેય આત્માનું ધ્યાન થઈ શકશે ત્યારે તેને ઉપાદેયપણું જણાશે.

દર્શન-જ્ઞાનમય આત્મા સર્વપ્રકારે ઉપાદેય છે, આરાધવાલાયક છે એવું ક્યારે જણાશે?—કે દેહ અને રાગની પરિણતિ છોડી. દેહ વિનાનું શુદ્ધાત્મદ્રવ્ય અને રાગ વિનાની શુદ્ધાત્મપરિણતિ દ્વારા તને આત્મા જણાશે. ત્યાર તેને આત્મા ઉપાદેય જણાશે. થોડું લખ્યું ઘણું કરીને જાણજો.

વીતરાગની વાણીમાં આ આવ્યું છે કે જ્યાં તું છો, જેમ છો ત્યાં તું નજર કર! તું દર્શન-જ્ઞાનમય પ્રભુ છો એમ નજર કરીશ ત્યારે તને આત્મા ઉપાદેય થયો ગણાશે. સમજાણું કાંઈ!

આ ૪૯ ગાથા થઈ. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા આ ત્રણ પ્રકારે આત્માને કહેવાવાળા પહેલાં મહાઅધિકારમાં પાંચમા સ્થળમાં જેવો નિર્મળ જ્ઞાનમયી પ્રગટરૂપ શુદ્ધાત્મા સિદ્ધલોકમાં બિરાજમાન છે તેવો જ શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે દેહમાં આત્મા રહેલો છે.

આહાહા..! જેવાં પર્યાયમાં પ્રગટરૂપે શુદ્ધાત્મા સિદ્ધાલયમાં બિરાજે છે તેવા જ શુદ્ધ નિશ્ચયનયથી શક્તિરૂપે–સ્વભાવરૂપે–સામર્થ્યરૂપે આત્મદેવ દેહદેવાલયમાં બિરાજે છે. ક્યારે?—અત્યારે જ. શુદ્ધનિશ્ચયનયથી જુઓ તો શક્તિરૂપ ભગવાન દેહદેવાલયમાં અત્યારે બિરાજી રહ્યાં છે. એવા કથનની મુખ્યતાથી ચોવીસ દોહાસૂત્ર કહેવામાં આવ્યાં તેનાથી આગળ છ દોહાસૂત્રમાં આત્મા વ્યવહારનયથી પોતાના દેહપ્રમાણ છે એમ કહી શકાય તે કહે છે.

कि वि भणंति जिउ सव्वगउ जिउ जडु के वि भणंति ।
कि वि भणंति जिउ देह-समु सुण्णु वि के वि भणंति ।।५०।।

અર્થ :—કોઈ નૈયાયિક વેદાંતી અને મીમાંસક દર્શનવાળા જીવને સર્વવ્યાપક કહે છે, કોઈ સાંખ્યદર્શનવાળા જીવને જડ કહે છે, કોઈ બૌદ્ધદર્શનવાળા જીવને શૂન્ય પણ કહે છે, કોઈ જિનધર્મી જીવને વ્યવહારનયથી દેહપ્રમાણ કહે છે અને નિશ્ચયનયથી લોકપ્રમાણ કહે છે. તે આત્મા કેવો છે? અને કેવો નથી એવા ચાર પ્રશ્ન શિષ્યે કર્યા છે.

યોગીન્દ્રદેવ આ ચારેય પ્રશ્નના જવાબ સ્યાદ્‌વાદથી આપશે. આત્મા સર્વવ્યાપક છે કઈ રીતે! કે જાણવાની અપેક્ષાએ આત્મા સર્વને જાણનાર હોવાથી સર્વવ્યાપક છે પણ નૈયાયિક આદિ એકાંતે આત્માને સર્વવ્યાપક ક્ષેત્રથી કહે છે–એમ નથી.

ઈન્દ્રિયજ્ઞાનનો આત્મામાં અભાવ થઈ જાય છે એ અપેક્ષાએ જડ કહેવાય પણ સાંખ્યદર્શનવાળા આત્માને એકાંતે જડ કહે છે એવો આત્મા જડ નથી. પૂર્ણ અતીન્દ્રિય જ્ઞાન પ્રગટ થઈ ગયા પછી ઈન્દ્રિયજ્ઞાનથી જાણવાનું રહેતું નથી એ અપેક્ષાએ જડ કહી શકાય પણ સાંખ્યદર્શનવાળા તો જાણપણા વિનાનો આત્માને જડ કહે છે. જ્યાં સુધી જાણવું રહે છે ત્યાં સુધી ચૈતન્ય નથી. જાણવું છૂટી જાય ત્યારે ચૈતન્ય કહેવાય—એમ કહે છે તે યથાર્થ નથી. જાણવું મટી જાય ત્યારે મુક્તિ થાય–એમ નહિ પણ ઈન્દ્રિયજ્ઞાનનો નાશ થાય ત્યારે મુક્તિ થાય એ વાત સાચી છે.

આ તો સર્વજ્ઞથી સિદ્ધ થયેલી વાણી છે ભાઈ!

બૌદ્ધદર્શનવાળા જીવને શૂન્ય કહે છે તે એકાંતે શૂન્ય કહે છે માટે સાચું નથી. ખેરખર, આત્મા પરથી શૂન્ય છે પણ પોતાથી અશૂન્ય છે. વ્યવહારનયથી જિનધર્મી આત્માને દેહપ્રમાણ

કહે છે પણ નિશ્ચયથી લોકપ્રમાણ અસંખ્યાત પ્રદેશ હોવાથી આત્મા લોકપ્રમાણ છે. આમ, ચારે પ્રકારે આત્માનું સ્વરૂપ બતાવાય છે તો આત્મા ખરેખર કેવો છે અને કેવો નથી તે અમને સમજાવો એમ શિષ્યનો પ્રશ્ન છે. તેના ઉત્તરરૂપે ગાથા કહે છે.

अप्पा जोइय सव्व-गउ अप्पा जडु वि वियाणि ।
अप्पा देह-पमाणु मुणि अप्पा सुण्णु वियाणि ।।५१।।

અર્થ :—નયવિભાગથી જોઈએ તો આત્મા ચારેયરૂપે છે પણ એકાંતવાદથી અન્યવાદી માને છે તે રીતે નથી. આમ, ચારેય પ્રશ્નોને સ્વીકારીને હવે સમાધાન કરે છે. હે પ્રભાકર ભટ્ટ! નયવિભાગથી આત્મા સર્વગત પણ છે અને જડ પણ છે એમ જાણો! આત્માને દેહપ્રમાણ પણ માનો અને આત્માને શૂન્ય પણ જાણો! નયવિભાગથી માનવામાં કોઈ દોષ નથી. એવું તાત્પર્ય છે. હવે તેનો ખુલાસો કરશે.

अप्पा कम्म-विवज्जियउ केवल-णाणें जेण ।
लोयालोए वि मुणइ जिय सव्वगु वुच्चइ तेण ।।५२।।

અર્થ :—કર્મરહિત આત્મા કેવળજ્ઞાનથી લોક અને અલોક બંનેને જાણે છે તેથી સર્વવ્યાપક પણ કહી શકાય છે.

વેદાંત એમ કહે છે કે આત્મા પરમાં પ્રવેશ કરે તો પરને જાણે છે એમ કહેવાય. પરમાં પ્રવેશ્યા વિના જાણ્યું કેમ કહેવાય! લાકડીને જાણવી હોય તો લાકડીમાં જ્ઞાન પેસે તો લાકડી જણાય. લાકડીમાં પેસ્યા વિના જ્ઞાન લાકડીને ન જાણી શકે–તે યથાર્થ નથી. શું અગ્નિને જાણતાં જ્ઞાન અગ્નિમાં પ્રવેશી જાય છે! જો અગ્નિમાં જ્ઞાન પ્રવેશે તો તો અગ્નિમય થઈ જાય. આ અગ્નિ ગરમ છે એમ જ્ઞાન અગ્નિમાં પ્રવેશ્યા વિના જાણી શકે છે.

જડ અને ચૈતન્ય બધાનું જ્ઞાન આત્માને તેમાં પ્રવેશ્યા વિના જ થાય છે. અરે! આ જ્ઞાનની પર્યાય દ્રવ્યને-પોતાને જાણે છે તે પર્યાય દ્રવ્યને અડ્યા વિના તેને જાણે છે. પરની વાત તો એક તરફ રહી પોતાની જ્ઞાનની પર્યાયમાં આખા દ્રવ્યનો પ્રતિભાસ થાય છે તો શું પર્યાય કાંઈ દ્રવ્યરૂપ થઈ જાય છે? દ્રવ્યમાં પર્યાય આવતી નથી અને પર્યાયમાં દ્રવ્ય આવતું નથી. છતાં દ્રવ્યમાં જેટલું સામર્થ્ય છે તે બધું પર્યાયમાં–જ્ઞાનમાં આવી જાય છે. પરદ્રવ્યમાં તો જ્ઞાન પ્રવેશ કરતું નથી પણ સ્વદ્રવ્યમાં પણ જ્ઞાન પ્રવેશતું નથી. છતાં જ્ઞાન દ્રવ્યને પૂર્ણપણે જાણે છે. પર્યાયમાં પર્યાયનું જ્ઞાન છે, છ દ્રવ્યનું જ્ઞાન છે અને સ્વદ્રવ્યનું જ્ઞાન છે. એક પર્યાયમાં આવી તાકાત છે. જેનો જે સ્વભાવ છે તેને પરની અપેક્ષા શી? વિભાવ પર્યાયને

પણ પરનિમિત્તની અપેક્ષા નથી. વિભાવ પણ પોતાની એક સમયની પર્યાયના ષટ્કારકથી પરિણમે છે, એને નિમિત્તકારકની અપેક્ષા નથી, દ્રવ્ય અને ગુણની પણ અપેક્ષા નથી. પંચાસ્તિકાયની ૬૨મી ગાથામાં આ વાત આવી ગઈ છે. એક સમયની પર્યાયમાં વિકાર થાય તેમાં પર્યાય કર્તા, પર્યાય કર્મ, પર્યાય કરણ, પર્યાય સંપ્રદાન, પર્યાય અપાદાન અને પર્યાય પોતે જ અધિકરણ છે. દ્રવ્ય-ગુણમાં ષટ્કારક છે તેનું પરિણમન પર્યાયમાં પોતાથી આવ્યું છે.

અહીં આત્માને સર્વવ્યાપક કઈ અપેક્ષાએ કહ્યો?–કે જેનો જાણવાનો સ્વભાવ છે તેને જાણવામાં મર્યાદા ન હોય. એ તો લોકાલોકથી અનંતગુણા લોકાલોક હોય તોપણ જાણે એવી શક્તિ છે. આ પરમાત્મપ્રકાશમાં જ આગળ આ વાત દૃષ્ટાન્ત આપીને સમજાવી છે કે મંડપ હોય ત્યાં સુધી વેલ આગળ વધે, પછી ન વધે પણ વેલને તેનાથી આગળ વધવાની શક્તિ નથી એમ નથી. તેમ જ્ઞાનની પર્યાય લોકાલોકને જાણે પણ તેનાથી વિશેષ ન જાણે એમ નથી. લોકાલોકને પણ એ છે માટે જાણે છે એમ પણ નથી. એક સમયની પર્યાયની તાકાત જ એવડી મોટી છે કે સર્વને પોતાના સ્વભાવથી જાણી શકે છે. વીતરાગમારગ ઝીણો બહુ ભાઈ!

લોકો બિચારા ક્રિયાકાંડમાં પડ્યા રહ્યાં તેમાં સમ્યગ્જ્ઞાનની વાત સમજવાનું એક તરફ રહી ગયું. વસ્તુનાં જ્ઞાન વગરની બધી ક્રિયા થોથાં જેવી છે. એક સમયની પર્યાયની તાકાત કેટલી! એ દ્રવ્ય-ગુણ કેવા! આવા દ્રવ્ય-ગુણ-પર્યાયનું જ્ઞાન થતાં જ્ઞાન પરથી સંકેલાઈ જાય છે. જ્યાં સુધી પરનિમિત્ત, રાગ કે પર્યાય ઉપર લક્ષ રહે છે ત્યાં સુધી પર્યાયનું પણ સાચું જ્ઞાન થતું નથી. અનંતકાળમાં એક સેકન્ડ પણ એણે પોતાના દ્રવ્યનું જ્ઞાન કર્યું નથી. જો કર્યું હોય તો એને જન્મ-મરણ રહે નહિ. સમ્યગ્દર્શન અને સમ્યગ્જ્ઞાન એવી ચીજ છે બાપુ!

દર્શન-જ્ઞાનમયી આત્માનું જ્ઞાન ક્યારે થાય?–કે સ્વસન્મુખ થાય ત્યારે આત્માનું જ્ઞાન થાય. ત્યારે તેણે દ્રવ્ય-ગુણનો આશ્રય લીધો એમ કહેવાય છે, બાકી દ્રવ્ય આશ્રય આપતું નથી અને પર્યાય આશ્રય લેતી નથી. આવો મારગ છે. જિનવરદેવ ત્રિલોકનાથ તારી પર્યાયનું આવું સામર્થ્ય બતાવે છે. 'ભૂતાર્થના આશ્રયે સમ્યગ્દર્શન થાય' તેનો અર્થ એ કે સ્વસન્મુખ થાય તેને સમ્યગ્દર્શન થાય. ભાષા તો એવી આવે કે भूयत्थं.....खलु.....ભૂતાર્થ ભગવાનના આશ્રયે સમ્યગ્દર્શન થાય, તીર્થંકર ભગવાનના આશ્રયે સમ્યગ્દર્શન ન થાય, પર્યાયનો આશ્રય કરે તોપણ સમકિત ન થાય. પર્યાય દ્રવ્ય તરફ વળે તેને આશ્રય લીધો કહેવાય.

શ્રોતા :—પર્યાય સ્વદ્રવ્યને તન્મય થઈને જાણે છે કે અતન્મય થઈને જાણે છે.?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અતન્મય થઈને જાણે છે. તેને જ પર્યાય દ્રવ્યમાં તન્મય થઈ કહેવાય. રાગમાં તન્મયતા હતી તે છૂટીને દ્રવ્યમાં તન્મયતા થઈ. પણ, પર્યાય કાંઈ દ્રવ્ય

થઈ જતી નથી. પર્યાય પર્યાયરૂપ રહીને જ દ્રવ્યને જાણે છે. ત્રણકાળ ત્રણલોકમાં પર્યાય-દ્રવ્ય એક થઈ જતાં નથી.

શ્રોતા :—દ્રવ્ય અને પર્યાય અખંડ એક સત્ છે ને!

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ અખંડ એક સત્ તો પર્યાય પર્યાયમાં અને દ્રવ્ય દ્રવ્યમાં છે.

શ્રોતા :—દ્રવ્ય અને પર્યાયમાં પ્રદેશભેદ છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સર્વથા પ્રદેશભેદ છે. જે અખંડ એક સત્ કહ્યું છે એ તો પર્યાયનો વિષય અખંડ એક સત્ કહ્યો છે. આ તો ત્રણલોકના નાથ જિનેશ્વરદેવ સાક્ષાત્ બિરાજે છે અને આજે દિવ્યધ્વનિનો દિવસ છે. ભગવાન એમ કહે છે કે આત્મદ્રવ્યની પર્યાયને સર્વવ્યાપક કહેવી કેમ કે તે સર્વને જાણે છે પણ તે સર્વમાં પેસીને જાણે છે એમ નથી.

જોકે પર્યાયનું ક્ષેત્ર છે તે જ દ્રવ્યનું ક્ષેત્ર છે પણ એ ક્ષેત્રનો અંશ છે તે ભિન્ન છે. જેટલામાં પર્યાય છે તે ક્ષેત્ર ભિન્ન છે અને જેટલામાં ધ્રુવ છે તે ક્ષેત્ર ભિન્ન છે. દ્રવ્યને પર્યાય બે ધર્મ જ છે! બે વસ્તુ જ છે! ધર્મ અને ધર્મી બે વસ્તુ છે. આપ્તમીમાંસામાં કહ્યું છે કે ધર્મ અને ધર્મી બે નિરપેક્ષ વસ્તુ છે. ધર્મ છે માટે ધર્મી છે એમ નથી. આ તો કેવળજ્ઞાની પરમાત્માનો મારગ છે બાપુ! લોકોએ સાંભળ્યો નથી. બહારમાં વ્રત, ભક્તિ, તપ, જાત્રા કરીને ધર્મ થયો માને છે પણ તેમાં ધૂળેય ધર્મ નથી.

શ્રોતા :—ધૂળેય ધર્મ નથી એટલે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એટલે સારું પુણ્ય પણ નથી. સમકિતીને જે પુણ્ય બંધાય એવું પુણ્ય તેને બંધાતું નથી. કાલે ભક્તિમાં આવ્યું હતું કે ખેતરમાં અનાજ પાકે ત્યારે ખડ પણ થાય છે તેમ સમકિતીને ધર્મની સાથેના શુભભાવથી તીર્થંકરનામકર્મ, સર્વાર્થસિદ્ધિ વગેરેના પુણ્ય બંધાય છે છતાં પુણ્ય તો પુણ્ય જ છે, ધર્મ નથી.

અહીં તો કહે છે કે જે જીવની જ્ઞાનની પર્યાયમાં કર્મના આવરણનો અભાવ થઈને લોકાલોકનું જાણવું થાય છે તે જીવને સર્વવ્યાપક કહેવામાં આવે છે પણ ખરેખર તો એ પોતામાં રહીને જ સર્વને જાણે છે. બધામાં પર્યાય વ્યાપતી નથી. ક્ષેત્રથી પર્યાય પરદ્રવ્યમાં જાય છે કે ક્ષેત્રથી પર્યાય ધ્રુવમાં જાય છે એમ નથી.

શ્રોતા :—વ્યવહારે જીવ સર્વવ્યાપક છે પણ નિશ્ચયથી સ્વવ્યાપક તો છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સ્વવ્યાપક એટલે પર્યાય પોતામાં વ્યાપે છે, ધ્રુવમાં નહિ. દ્રવ્ય

અને પર્યાય બે વાચક ભિન્ન છે તો વાચ્ય પણ ભિન્ન હોય ને! ઝીણી વાત છે જરા! અપેક્ષાથી પણ દ્રવ્ય ને પર્યાય સર્વથા ભિન્ન છે! પર્યાય પર્યાયમાં છે. પર્યાય ધ્રુવદ્રવ્યમાં નથી જ્યારે પરથી જુદું પાડવું હોય ત્યારે કહેવાય છે કે પર્યાય વિનાનું દ્રવ્ય ન હોય અને દ્રવ્ય વિનાની પર્યાય ન હોય પણ જ્યારે દ્રવ્ય અને પર્યાયનો ભેદ સમજવો હોય ત્યારે દ્રવ્ય છે તે પર્યાય નથી અને પર્યાય છે તે દ્રવ્ય નથી. દ્રવ્ય ને પર્યાય બે વસ્તુ છે, એક વસ્તુ નથી પ્રમાણજ્ઞાનમાં દ્રવ્ય-પર્યાય ભેગા ગણાય પણ દ્રવ્ય દ્રવ્યરૂપ છે એમ નિશ્ચય રાખીને તે ઉપરાંત પર્યાયને ભેળવે છે ત્યારે તે જ્ઞાનને પ્રમાણજ્ઞાન કહેવાય છે. નિશ્ચયને ઉડાડીને જ્ઞાન પ્રમાણ થાય છે-એમ નથી.

પ્રમાણજ્ઞાનમાં નિશ્ચય અને વ્યવહાર બે ભેગા થયા હોવાથી તે પોતે જ સદ્‌ભૂત વ્યવહારનો વિષય છે; નિશ્ચયનો નહિ. તેથી તો કહ્યું કે નિશ્ચય છે તે પૂજ્ય છે કે પ્રમાણ પૂજ્ય છે કેમકે પ્રમાણમાં દ્રવ્ય ને પર્યાય બે ભેગા આવે છે અને નિશ્ચયમાં એકલું દ્રવ્ય આવે છે? તો કે પૂજ્ય છે નિશ્ચય. પ્રમાણમાં પર્યાયનો નિષેધ આવતો નથી તેથી તે પૂજ્ય નથી. નિશ્ચયને પૂજ્ય કહ્યું. ઝીણું છે બાપુ! ભગવાન આત્મા અખંડાનંદપ્રભુ નિશ્ચયનો વિષય છે માટે નિશ્ચયનય પૂજ્ય છે. પદ્મનંદિમાં તો વ્યવહારનયને પણ પૂજ્ય કહી છે પણ તે વ્યવહારે વ્યવહાર પૂજ્ય છે, નિશ્ચયથી તે પૂજ્ય નથી.

આજે તો ભગવાનની દિવ્યધ્વનિનો દિવસ છે. જે આવવાનું હોય તે આવે છે કાંઈ તૈયાર કરેલું નથી. ત્રિલોકીનાથ તીર્થંકરદેવે દિવ્યધ્વનિમાં જે ફરમાવ્યું છે તે દિવ્યધ્વનિનો આ દિવસ છે.

ભાવાર્થ :—આ આત્મા વ્યવહારનયથી કેવળજ્ઞાન દ્વારા લોક-અલોકને જાણે છે અને શરીરમાં રહેવા છતાં નિશ્ચયનયથી પોતાના સ્વરૂપને જાણે છે. આ કારણે જ્ઞાનની અપેક્ષાએ તો વ્યવહારનય સર્વગત છે પણ પ્રદેશ અપેક્ષાએ સર્વગત નથી. નિશ્ચયનયથી પોતાના સ્વરૂપને જાણે છે અને વ્યવહારનયથી પરને જાણે છે.

શ્રોતા :—નિશ્ચયનયે પર્યાય પર્યાયને જાણે છે અને વ્યવહારનયે પર્યાય પરદ્રવ્યને અને ધ્રુવને જાણે છે એમ કહેવાય ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :-વ્યવહારથી ધ્રુવને જાણે છે એમ નહિ, એ તો નિશ્ચય છે. નિયમસારમાં સ્વ-પરપ્રકાશકનાં બે પ્રકાર લીધા છે. એક તો સ્વ અને પરદ્રવ્યનું જ્ઞાન તે સ્વપરપ્રકાશક જ્ઞાન અને બીજું, જ્ઞાન પોતાને જાણે તે સ્વ અને જ્ઞાન સિવાયના બીજા ગુણોને જાણે છે તે પર એમ સ્વ-પરનું જ્ઞાન તે નિશ્ચય સ્વ-પરપ્રકાશકજ્ઞાન છે. વીતરાગની વાતો

કોઈ અલૌકિક છે. લોકોએ કદી સાંભળી નથી. તત્ત્વનું ઊંડાણ શું છે ત્યાં સુધી એ પહોંચ્યો નથી. પહોંચે તો એનું કલ્યાણ થયા વિના રહે નહિ. જન્મ-મરણના ફેરાના છેડા આવી જાય.

જેમ સ્વદ્રવ્યની અપેક્ષાએ પરદ્રવ્ય અદ્રવ્ય છે તેમ પર્યાયની અપેક્ષાએ દ્રવ્ય અદ્રવ્ય છે. એમ કહીને પર્યાયનું કેટલું સામર્થ્ય છે એ બતાવવું છે. એક સમયની પર્યાય જ વસ્તુ છે, બાકી બધુ તેની અપેક્ષાએ અવસ્તુ છે. એક પર્યાય સ્વદ્રવ્યને પણ જાણે અને છ દ્રવ્યને પણ જાણે તો હવે તેમાં બાકી શું રહ્યું? બધું જ આવી ગયું. દ્રવ્યની મહત્તા કરનાર પર્યાય છે માટે પર્યાયની મહત્તા છે. દ્રવ્યની મહત્તાને જાણનાર પર્યાય છે. આવી વાત છે. પર્યાય એમ જાણે છે કે હું ધ્રુવ છું કેમ કે પર્યાયનું લક્ષ ધ્રુવ ઉપર છે. ૩૨૦ ગાથામાં આવે છે કે ધર્મી અખંડ ત્રિકાળી નિરાવરણ પરમાત્માનું ધ્યાન કરે છે, ખંડ-ખંડનું નહિ....આ જરા ઝીણું આવી ગયું.

અહીં, જ્ઞાન પરના ક્ષેત્રમાં વ્યાપે છે એમ નહીં, પોતાના ક્ષેત્રમાં વ્યાપે છે. અહીં દ્રવ્ય ને પર્યાયનાં ભેદની વાત નથી. આ તો જાણવાની પર્યાય સર્વ પર ક્ષેત્રને વ્યાપીને જાણે છે—એમ નથી. પોતાના ક્ષેત્રમાં રહીને જાણે છે.

શ્રોતા :—અહીંયા પોતાનું ક્ષેત્ર એટલે શું ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—એ તો પર્યાયનું જેટલું ક્ષેત્ર છે તેટલું ક્ષેત્ર છે. એ તો પરથી જુદું પાડવાની વાત છે ને. પોતાનામાં પણ બે ભેદ છે, બે ચીજ ભિન્ન છે. આહાહા!

પ્રમાણનો વિષય દ્રવ્ય અને પર્યાય બંને છે અને નિશ્ચયનો વિષય એકલું દ્રવ્ય છે પણ તેને વિષય કરનાર પર્યાય છે. કાર્ય પણ પર્યાયમાં થાય છે. ત્રિકાળી કારણદ્રવ્યમાં કાર્ય નથી આવતું. આ તો પ્રશ્ન થયો હતો રાજકોટમાં કે કારણપરમાત્મા તો ત્રિકાળી છે તો કાર્ય કેમ આવતું નથી? કીધું સાંભળો....કારણપરમાત્મા છે તેનો જેને સ્વીકાર છે એને માટે જ એ કારણપરમાત્મા છે. જેને સ્વીકાર નથી તેને માટે નહિ.

શ્રોતા :—જે 'છે' તેને સ્વીકારવાની જરૂર શી છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—'છે' તેને જાણ્યા વિના તેનો નિર્ણય જ નથી. કારણપરમાત્મા છે તેનો આશ્રય લઈને પર્યાયમાં નક્કી કરે તેને કારણપરમાત્મા છે. કારણપરમાત્મા છે એવો જેને નિર્ણય થાય તેને કાર્યમાં સમ્યગ્દર્શન આવ્યા વગર રહે જ નહિ.

વીતરાગ મારગ બહુ ઝીણો બાપુ! તેના ફળ પણ કેવા!....અનંત અનંત આનંદ સાદિ અનંત પ્રગટ થાય તેના ઉપાય પણ અલૌકિક જ હોય ને! તેમાં વાદ-વિવાદને સ્થાન નથી.

* * *

# બંધ-મોક્ષથી રહિત શુદ્ધ સ્વરૂપ

[શ્રી નાટક સમયસાર શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

(સળંગ પ્રવચન નં. ૧૧૭)

આ, શ્રી સમયસાર નાટક શાસ્ત્ર છે. મોક્ષ અધિકાર પૂરો થયો. હવે આત્માનો સર્વવિશુદ્ધ અધિકાર શરૂ થાય છે. તેમાં ગ્રંથકાર પ્રથમ પ્રતિજ્ઞા કરે છે.

इति श्री नाटक ग्रंथमैं, कहो मोख अधिकार।
अब बरनौं संछेपसौं, सर्व विसुद्धी द्वार ॥१॥

અર્થ :—નાટક સમયસાર ગ્રંથના મોક્ષ અધિકારની પૂર્ણતા કરી, હવે સર્વવિશુદ્ધિદ્વાર સંક્ષેપમાં કહીએ છીએ.

આત્મા અંતરમાં સત્‌ચિદાનંદ શુદ્ધસ્વરૂપ છે પણ અનાદિથી પોતાની ચીજને ભૂલીને તે પુણ્ય-પાપ વિકારને તથા શરીરાદિને પોતાની ચીજ માને છે. આ માન્યતાના કારણે તેને ચોરાશીના અવતારમાં રખડવું પડે છે.

આ દેહ તો માટી છે, કર્મ પણ જડ રજકણ છે, તેનાથી આત્મા જુદી ચીજ છે. આત્માની અંદર જે શુભાશુભભાવ થાય છે તે પણ વિકાર છે, દુઃખરૂપ છે, તેનાથી ભિન્ન આત્મા તો આનંદકંદ છે પણ અનંતકાળમાં પોતે પોતાની ચીજની ઓળખાણ કરી નથી અને કિંમત કરી નથી. પોતાની કિંમત ન કરી અને જગતની ચીજોની જ કિંમત કરી તેથી તેને અનંત અવતારમાં રખડવું પડે છે. નરકમાં, પશુમાં–કાગડા, કૂતરા, કીડા આદિમાં અનંતવાર અવતાર ધારણ કર્યા છે. એક પોતાના સ્વરૂપના ભાન વિના જીવની આ દશા થઈ છે.

અહીં સર્વવિશુદ્ધ અધિકારમાં કહે છે કે આત્મા પોતાની મુક્તિની પૂર્ણદશાને પ્રાપ્ત કરે છે તેનું નામ 'મોક્ષ' છે. આ મોક્ષ પણ પર્યાય છે માટે સમય પૂરતી જ છે. ભગવાન આત્મા એક પર્યાય જેવડો નથી માટે ભગવાન આત્મા રાગથી તો ભિન્ન છે પણ બંધ અને મોક્ષની પર્યાયથી પણ ભિન્ન છે. આવા આત્માનો અધિકાર અહીં કહેશે.

આ મનુષ્યપર્યાય કાંઈ જીવને પહેલીવાર મળી નથી. અનંતા મનુષ્યના, અનંતા દેવના, અનંતા તિર્યંચના અને અનંતા ભવ નરકના કરીને આવ્યો છે. ચારેય ગતિમાં દુઃખ જ છે.

આ દુઃખથી રહિત આત્માની ઓળખાણ કરીને તેના સ્વરૂપના શ્રદ્ધા-જ્ઞાન કરીને તેમાં લીનતા કરવાથી આત્માની મુક્તિ થાય છે. નિજ ભગવાન આત્મા સ્વરૂપથી પરમશુદ્ધ છે, સર્વ ઉપાધિથી રહિત છે. આવા આત્માનું સ્વરૂપ અહીં કહેવામાં આવે છે.

### "સર્વ ઉપાધિ રહિત શુદ્ધ આત્માનું સ્વરૂપ"

कर्मनिकौ करता है भोगनिकौ भोगता है,
जाकी प्रभुतामें ऐसौ कथन अहित है।
जामैं एक इन्द्री आदि पंचधा कथन नांहि,
सदा निरदोष बंध मोखसौं रहित है॥
ग्यानको समूह ग्यानगम्य है स्वभाव जाको,
लोकव्यापी लोकातीत लोकमैं महित है।
सुद्ध बंस सुद्ध चेतनाके रस अंस भरयौ,
ऐसौ हंस परम पुनिततता सहित है॥२॥

અર્થ :—જેના સામર્થ્યમાં તે કર્મનો કર્તા છે અને કર્મનો ભોક્તા છે એમ કહેવું હાનિકારક છે, પંચેન્દ્રિય ભેદનું કથન જેમાં નથી, જે સર્વદોષ રહિત છે, જે ન કર્મથી બંધાય છે ન છૂટે છે, જે જ્ઞાનનો પિંડ અને જ્ઞાનગોચર છે, જે લોકવ્યાપી છે, લોકથી પર છે, સંસારમાં પૂજનીય અર્થાત્ ઉપાદેય છે, જેની જાતિ શુદ્ધ છે, જેમાં ચૈતન્યરસ ભર્યો છે એવો હંસ અર્થાત્ આત્મા પરમ પવિત્ર છે.

અહા! ભગવાન આત્મા જ્ઞાનનો સાગર છે અને અતીન્દ્રિય આનંદથી ભરપૂર છે. એવો આત્મા કર્મનો કર્તા છે કે રાગ-દ્વેષનો કર્તા છે એમ માનવું તે અહિત છે. શરીર તો જડ છે તેની ક્રિયાનો કર્તા આત્મા નથી, વાણી પણ જડ છે તેનો કર્તા આત્મા નથી. અંદરમાં રાગ-દ્વેષ થાય છે તેનો પણ આત્મા કર્તા નથી. એ તો ચૈતન્યનો પુંજ અતીન્દ્રિય જ્ઞાનાનંદનો સાગર છે. અંદરમાં અનંતગુણ ભર્યા છે પણ અરે! એ બહાર શોધે છે.

જ્ઞાનનેત્ર ભગવાન આત્મા કર્મને કરું, સંયોગને કરું, સંયોગીભાવને કરું એવી કર્તાબુદ્ધિ કરે છે. તેમાં તેનું અહિત છે, કેમ કે જે જ્ઞાનનો સાગર છે—પ્રજ્ઞાબ્રહ્મ છે તે પરને અને રાગને શું કરે!! દયા-દાન-વ્રતાદિ પરિણામનો કર્તા થાય તો એ તો અજ્ઞાનભાવ છે. આત્મા તો રાગથી જુદું અવિનાશી તત્ત્વ છે. દેહનો નાશ થાય, રાગનો નાશ થાય પણ આત્માનો શું કદી નાશ થાય છે! અવિનાશી પ્રભુને કર્મનો અને રાગનો કર્તા કહેવો એ તો અહિતની વાત છે.

આ વેપાર-ધંધા કોણ કરતું હશે? મૂઢ એમ માને છે કે હું વેપાર-ધંધા કરું છું. પોતાની વસ્તુની ઓળખાણ વિના અજ્ઞાની એમ માને છે પણ પ્રભુ! રાગને કરવો એ કોઈ તારો ગુણ નથી, સ્વભાવ નથી. જો રાગ કરવો એ આત્માનો સ્વભાવ હોય તો તો રાગથી કદી છૂટી જ ન શકે. તો રાગના અભાવરૂપ શાંતિ પણ કદી ન થાય.

અનંતકાળે આવું મનુષ્યપણું મળ્યું છે પણ પોતાની વસ્તુની ઓળખાણ વિના હેરાન હેરાન થઈ ગયો છે. ભગવાન આત્માને શુભ-અશુભ રાગનો અને કર્મનો કર્તા કહેવો એ અહિત છે કેમ કે રાગ આત્માના સ્વરૂપમાં નથી. છતાં તેનો કર્તા કહેવો એ અજ્ઞાનભાવ છે. અંદરમાં જે આર્તધ્યાન, રૌદ્રધ્યાન આદિ થાય છે તે વિભાવ છે-વિકાર છે-દુ:ખ છે તે દુ:ખનો આત્માને કર્તા માનવો એ અહિતની વાત છે.

આ છોકરાનો અકસ્માત થઈ ગયો તેના ઘરના સવારે આવ્યાં હતાં તેને 'હિતની વાત' (પુસ્તિકા) આપી. અરે! આવો મનુષ્યભવ પામ્યો અને આમ અકસ્માતમાં ચાલ્યો ગયો તેથી ઘરનાને અને ગામના બધાંને બહુ આઘાત થયો છે. નાની ઉંમર અને આવી સ્થિતિ! એ વખતે એમ જ સ્થિતિ થવાની હતી એ થઈ છે. આમ કર્યું હોત તો આમ ન થાત એ વાત ખોટી છે. થવા કાળે થાય છે એમાં ફેરફાર કરવા સમર્થ નથી. શાસ્ત્રમાં એક દૃષ્ટાન્ત આવે છે કે એક રૂપાળી બાઈ હતી તે બહાર ગઈ હશે ત્યાં રાજાએ જોઈ અને મોહિત થઈ ગયો. રાજાની કુચેષ્ટા જોઈને બાઈએ રાજાને મારી નાખ્યો અને પોતાના પતિ પાસે આવી ત્યાં તેને સર્પ કરડી ગયો હતો તેથી એ મરી ગયો. એવા સમયે ત્યાં ચોર આવ્યા તેણે બાઈને એકલી જોઈ એટલે ઉપાડી ગયા અને ગણિકાને ત્યાં બાઈને વેચી દીધી. ગણિકાને ત્યાં બાઈનો પુત્ર આવ્યો તેની સાથે બાઈએ વિષય લીધો પછી ખબર પડી કે આ તો મારો દીકરો હતો તેથી પોતાને બહુ ખેદ થયો એટલે સ્મશાનમાં મરવા ગઈ. બળવા માટે અગ્નિ જલાવી ત્યાં ઉપરથી પાણીનું પૂર આવ્યું તેમાં બાઈ તણાઈ ગઈ. પાંચ સાત કોષ આગળ પાણીમાં બાઈને જીવતી તણાતી જોઈ એક ભરવાડે તેને બહાર કાઢી અને ઘરે લઈ ગયો. તેણે પોતાની સ્ત્રી બનાવી દીધી. એ બાઈ એકવાર છાશ વેચવા નીકળી ત્યાં રસ્તામાં ઠોકર લાગતાં છાશ ઢોળાઈ ગઈ ત્યારે હસવા લાગી. અરે બેન! તમે કેમ હસો છો? ત્યારે બાઈ કહે છે હું કોની માંડું! મારો ઇતિહાસ બહુ લાંબો છે......તેમ, આત્મા અનાદિકાળથી પોતાના ભગવત્‌સ્વરૂપને ભૂલીને ભવ ઉપર ભવ કરી રહ્યો છે. તેમાં ક્યાં ભવની માંડવી! નરકના ભવ...પશુના ભવ...મનુષ્યના ભવ...દેવના ભવ....આ બધાં ભવ એને કેમ થયા? કે પોતાના આત્માને પરનો અને રાગનો કર્તા માન્યો છે તેથી આત્માને ભવ થયા છે.

એક ભવમાં અઢાર સંબંધની વાત પણ શાસ્ત્રમાં આવે છે. અનાદિનો આત્મા છે તેની ઉપર શું નથી વીત્યું! બધું વીતી ચૂક્યું છે. તેથી અહીં કહે છે કે તારી ચીજ તો અનાદિ-અનંત જ્ઞાન અને આનંદથી ભરી પડી છે છતાં તેને રાગાદિ વ્યવહારનો અને પરનો સ્વામી અને કર્તા-ભોક્તા માનવો એ તારા અહિતની વાત છે. ભાઈ! ભારે આકરી વાત છે! તારે પવિત્રતા પ્રગટ કરવી હોય તો પવિત્રતા તારી અંદર ભરી પડી છે તેને જો ને ભાઈ! સરોવર કાંઠે આવીને મૃગલાં તરસ્યા રહે છે એ કેવું!

જ્યાં પાણી છે ત્યાં જુએ નહિ અને પાણી માટે મૃગલાં મૃગજળ તરફ દોડે છે તેમ અજ્ઞાની પોતાની અંદર ભરેલાં સુખને જોતાં નથી અને સુખ માટે પૈસા આદિ પરવસ્તુ પાછળ દોડે છે. આબરૂમાં સુખ મળશે, સ્ત્રીમાં સુખ મળશે, શરીરમાં સુખ મળશે એમ માનીને તરફડે છે. તેને કહે છે કે રાગ અને રાગના વિષયોમાં તને સુખ મળવાનું નથી. તું રાગનો કર્તા થઈ રહ્યો છે પણ એ મિથ્યાત્વનું મૃગજળ છે.

જેમ આંખ વડે રેતી ઉપાડી શકાતી નથી તેમ ચૈતન્ય ભગવાન આત્મા ત્રણકાળ ત્રણલોકને જાણવાની શક્તિવાળો જ્ઞાનપ્રભુ છે તે રાગનો અને પરનો કર્તા થાય એવો કોઈ ગુણ તેનામાં નથી.

અહા! આવા અવતાર મળ્યાં અને જો કાંઈ આત્માનું ભાન ન કર્યું તો આ અવતાર કાગડા અને કૂતરા જેવો છે. જ્ઞાનભગવાને રાગનો અને પરનો કર્તા અને ભોક્તા બનાવવો તે અહિતની વાત છે. મોસંબીના પાણીને આત્મા ભોગવતો નથી. તેના પ્રત્યે રાગને ભોગવે છે પણ અહીં કહે છે કે એ રાગને ભોગવવો એ કાંઈ આત્માનું સ્વરૂપ નથી અતીન્દ્રિય આનંદને ભોગવવો એ આત્માનું સ્વરૂપ છે તેના બદલે રાગ-વિકારને ભોગવવો એ અમૃતને છોડીને વિષ્ટા ભોગવવા જેવું છે.

આત્મા અરૂપી ચૈતન્યઘન છે તે શું રૂપી એવા જડ શરીરને ભોગવી શકે! ફક્ત એ કાળે તેને શરીર પ્રત્યે પ્રેમ આવે છે તેને એ ભોગવે છે અને કોઈ પ્રતિકૂળતા આવે–તાવ આવે–કોઈ છરાથી મારે એ સમયે દ્વેષ આવે છે તેને આત્મા ભોગવે છે. આમ, આત્મા રાગ-દ્વેષને ભોગવે છે પણ તેમાં તેનું કાંઈ હિત નથી, એકલું અહિત છે. આત્માને બાયડીવાળો, પૈસાવાળો, આબરૂવાળો માનવો એ અજ્ઞાન છે. શરીરમાં 'વાળો' નામનો રોગ થાય છે તો ત્રાસી જાય છે તો આ તો તું કેટલાવાળો થયો! પૈસાવાળો...મકાનવાળો... ભાઈવાળો... આબરૂવાળો.... જગતની ચીજ છે તે જડ છે તેની પોતાની માનવી એ તો મૂઢતા છે. પોતાના આત્મામાં શાશ્વત જ્ઞાન ને આનંદ છે એ પોતાની ચીજ છે તેને જાણીને

તેનો ભોક્તા થવું એ પણ વ્યવહાર છે. પર્યાય છે ને! માટે વ્યવહાર છે. ભાઈ! તારી ચીજનો તને પત્તો નથી. તું તો પ્રભુ છો.

ભગવાન આત્માને વિકારનો કર્તા કે વિકારનો ભોક્તા કહેવો એ અહિત છે. जाकी प्रभुतामें ऐसौ कथन अहित है। શું સૂર્યમાંથી કોલસાનાં કિરણો નીકળે! તેમ, શું ચૈતન્યસૂર્યમાંથી રાગના કિરણો નીકળે! ચૈતન્યની અંદર રાગાદિ વિકાર છે જ નહિ પણ અજ્ઞાનથી નવાં નવાં વિકાર બનાવે છે. હું દુઃખી છું એમ લાગે છે પણ તારી અંદર ક્યાં દુઃખ છે! તારી પર્યાયમાં રાગ-દ્વેષ છે, દુઃખ છે પણ તારી વસ્તુમાં કાંઈ દુઃખ નથી. આત્મા તો આનંદસ્વરૂપ છે, તેની પ્રભુતાને ભૂલીને રાગના કર્તા-ભોક્તા થવું તે હીણપ છે.

પ્રભુ આત્મા અતીન્દ્રિય આનંદનો સાગર છે. અતીન્દ્રિય આનંદથી છલોછલ ભરેલો છે ભાઈ! તને ખબર નથી. આવા આત્માની પ્રભુતામાં તેને રાગનો કર્ત-ભોક્તા કહેવો એ અહિતની વાત છે–કલંક છે. પ્રભુ! તારી શક્તિમાં તો એકલાં જ્ઞાન ને આનંદ ભરેલાં છે, ત્યાં શુભાશુભરાગ કે શરીર ભરેલાં નથી.

અજ્ઞાની એમ માને છે કે હું પુણ્ય-પાપને રચવાવાળો અને તેને ભોગવવાવાળો છું પણ વસ્તુસ્વરૂપ એમ નથી. આત્માને એક-ઈન્દ્રિય, બે-ઇન્દ્રિય, પંચેન્દ્રિય કહેવો તે પણ લાગુ પડતું નથી. વનસ્પતિ આદિ એકેન્દ્રિયપર્યાયમાં ગયો ત્યાં પણ આત્મા પૂર્ણાનંદ સ્વભાવે હતો. દ્રવ્ય-ઈન્દ્રિય કે ભાવ ઈન્દ્રિય આત્માના સ્વરૂપમાં ન હતી. ભગવાન આત્મા તો ઈન્દ્રિયથી રહિત છે. વીંછી, કીડી આદિ જંતુ ત્રણ-ઈન્દ્રિયવાળા છે. તેને શરીર, જીભ અને નાક આ ત્રણ ઈન્દ્રિય હોય, માખી–પતંગિયા આદિને ચાર ઈન્દ્રિય હોય, દેડકાં, નારકી મનુષ્ય આદિને પાંચ ઈન્દ્રિય હોય પણ દ્રવ્યસ્વભાવ તો બધાંના સમાન છે, તેમાં એકેય ઈન્દ્રિય ન હોય. અસમાનજાતીય દ્રવ્યપર્યાયમાં આ ઈન્દ્રિયો હોય છે પણ તે પર્યાય આત્માની ચીજ નથી. આદિ અને અંત રહિત ધ્રુવ ચૈતન્યમાં એકેન્દ્રિય....પંચેન્દ્રિય આદિ પર્યાયો નથી. ભગવાન આત્મા તો અનાદિ-અનંત અતીન્દ્રિય શુદ્ધ ચૈતન્યસૂર્ય છે. એકેન્દ્રિય આદિ કથન છે તે વ્યવહારનયના વિષય છે. નિશ્ચય–સ્વરૂપમાં એ કાંઈ નથી.

શ્રોતા :—એકેન્દ્રિય આદિ ભેદ સંસારીજીવમાં તો છે ને?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સંસારીજીવના પણ દ્રવ્યસ્વભાવમાં એકેન્દ્રિય આદિ ભેદ નથી, વિકાર પણ નથી. સંસારીજીવની પર્યાયમાં એકેન્દ્રિય આદિ ભેદ નથી, વિકાર છે. સંસાર પોતે પર્યાય છે. બહુ ગંભીર વાત છે. સંસારમાં પણ દેહ-દેવળમાં પ્રભુ ભિન્ન છે. સંસાર

વિકારી ભાવ છે તેનાથી પણ પ્રભુ ભિન્ન છે. જો ભિન્ન ન હોય તો તો વિકાર ટળીને કદી મોક્ષ જ ન થાય.

જેણે આવી વાત સાંભળી જ ન હોય તેને તો એમ લાગે કે આ શું! અરે ભગવાન! તારી ચીજની જ વાત ચાલે છે. તું આદિ અને અંત વિનાનો અનાદિ-અનંત પ્રભુ છો. આવી દ્રવ્ય-વસ્તુને એકેન્દ્રિય આદિ કહેવું એ કથન જૂઠું છે, વ્યવહાર છે માટે અભૂતાર્થ છે.

જેમાં શોક નથી, ઉદાસીનતા નથી, રાગ નથી, દ્વેષ નથી એવી ચીજને પંચેન્દ્રિય મનુષ્ય કે પંચેન્દ્રિય દેવ કહેવો એ પણ વ્યવહાર છે. વસ્તુના સ્વભાવમાં એકેય ઈન્દ્રિય નથી. એવા વસ્તુના સ્વભાવની દૃષ્ટિ કરવી તેનું નામ સમ્યગ્દર્શન છે. વસ્તુના સત્યાર્થ સ્વરૂપની શ્રદ્ધાનું નામ જ ધર્મ અર્થાત્ સમ્યગ્દર્શન છે.

सदा निरदोष बंध मोखसौं रहित है। દ્રવ્યને કર્મનો બંધ હતો અને કર્મનો બંધ છૂટ્યો એવો દ્રવ્યનો સ્વભાવ નથી. અરે! રાગ હતો અને રાગ છૂટીને વીતરાગ થયો એ પણ દ્રવ્યના સ્વભાવમાં નથી. આત્મા તો અનાદિથી નિત્યાનંદ પ્રભુ છે અને સદાય નિત્યાનંદ સ્વભાવે રહેશે. એક દેહ છૂટીને બીજા દેહમાં, બીજાથી દેહથી છૂટીને ત્રીજા દેહમાં જાય છે પણ એ કોઈ દેહ આત્માની દશામાં આવતા નથી. ભગવાન આત્મા સદાય નિર્દોષ છે. દોષ અને બંધન આદિ વ્યવહાર છે. આત્માના નિત્યસ્વરૂપમાં એ કાંઈ નથી.

રાગનો સંબંધ હતો અને છૂટ્યો એવું દ્રવ્યસ્વભાવમાં ન હોય. બંધન અને બંધનરહિત મુક્ત એવી બે દશા દ્રવ્યસ્વભાવમાં ન હોય. આવા આત્મદ્રવ્યમાં દૃષ્ટિ લગાવવી એ જન્મ-મરણના નાશનો ઉપાય છે. બંધન અને મુક્તિ વ્યવહારનયના વિષયમાં છે એ તો માનવું જોઈએ પણ નિશ્ચય-વસ્તુમાં બંધન અને મુક્તિ નથી એમ સમજવું જોઈએ. ગાથા ૧૪-માં કહ્યું ને! ભગવાન આત્મા અબદ્ધસ્પષ્ટ છે એટલે કે રાગ અને કર્મના બંધનથી રહિત ચૈતન્યસૂર્ય છે.

આત્મા શું ચીજ છે તેની એને ખબર નથી અને દુનિયામાં ડહાપણ કરવા જાય છે એ બધી મુર્ખાઈ છે. માટે કહે છે કે પરની કિંમત છોડ અને નિજની કિંમત કર! હું પૈસાવાળો છું ને સુંદર શરીરવાળો છું એ બધું છોડી દે! એ તો ધૂળ છે. અહીં તો ત્યાં સુધી કહે છે કે બંધન અને મોક્ષ પણ તારા ધ્રુવસ્વભાવમાં નથી. તું તો સદા મુક્તસ્વભાવી છો. આનંદધામમાં દુ:ખ શા! શોક શા! રાગ શા! અંદરમાં આ કાંઈ નથી છતાં અજ્ઞાન વડે નવાં નવાં દુ:ખ, શોક આદિ ઊભા કરે છે.

આત્મા બંધ-મોક્ષથી રહિત છે એ તો નાસ્તિથી વાત આવી પણ આત્મામાં છે શું? કે 'ग्यानको समूह ग्यानगम्य है सुभाव जाकौ,' ભગવાન આત્મામાં જ્ઞાનનો સમૂહ–જ્ઞાનનો સૂર્ય છે. દ્રવ્યની વ્યાખ્યામાં આવે છે કે અનંત ગુણોના સમૂહને દ્રવ્ય કહે છે તો અહીં જ્ઞાનના સમૂહને આત્મા કહ્યો તેમાં 'જ્ઞાન'માં બધાં ગુણો આવી જાય છે.

જેના પ્રકાશમાં જગતની બધી ચીજો પ્રકાશે છે એ પ્રકાશને પણ જે પ્રકાશે છે તે આત્મા છે. ग्यानका समूह કહીને અહીં એ કહેવું છે કે આત્મામાં ત્રણકાળ ત્રણલોકને જાણવાનો ગુણ છે, કોઈને કરવાનો ગુણ નથી. આત્મા 'જ્ઞાતા-દ્રષ્ટા છે' જે સમયે, જ્યાં જે થાય તેને જાણવાવાળો આત્મા છે. આમાં ક્રમબદ્ધ પણ આવી ગયું. કોઈમાં કાંઈ ફેરફાર કરવો એ આત્માનો સ્વભાવ નથી. પોતાની પર્યાયમાં પણ ફેરફાર કરવાનો આત્માનો સ્વભાવ નથી કેમકે આત્મા જ્ઞાનનો પિંડ છે.

જેમ સાકર, ગોળ આદિ મીઠાસના પિંડ છે તેમ આત્મા જ્ઞાનનો પિંડ છે. ચૈતન્યપ્રકાશના નૂરનો પૂર છે, જ્ઞાનનો અવતાર છે. આવી પોતાની ચીજને ક્યારેય એણે જાણી નથી, સાંભળી નથી, રુચિ કરી નથી તેથી ચાર ગતિમાં અવતાર કરે છે. નવી પર્યાયની ઉત્પત્તિને જન્મ કહે છે અને જૂની પર્યાયના વ્યયને મરણ કહેવાય છે. દ્રવ્ય કાંઈ જન્મતું કે મરતું નથી.

જ્ઞાનપુંજ આત્મા કેવી રીતે જણાય છે કે—જ્ઞાનપુંજ આત્મા જ્ઞાનગમ્ય છે જ્ઞાન સિવાય બીજી કોઈ રીતે જણાતો નથી. ક્રિયાકાંડ વડે કે રાગની ક્રિયાથી આત્મા જણાતો નથી. દયા-દાન-વ્રત-ભક્તિ આદિના વિકલ્પથી આત્મા જણાય તેમ નથી.

જેમ ઊંટનો પગ ભાંગે તો પછી સાજો થતો નથી ત્યાંને ત્યાં જ અંતે મરી જાય છે. અમે નાની ઉંમરમાં રાણપુરથી નાગનેશ જતાં રસ્તામાં જુવાન ઊંટ પડેલો જોયો હતો. કીધું આમ કેમ? ત્યારે ખબર પડી કે ઊંટનો પગ ભાંગે એટલે ખલાસ. પછી તે ચાલી શકે નહિ અને તેને રણમાં કાંઈ ખાવા-પીવાનું મળે નહિ એટલે ત્યાંને ત્યાં સૂકાઈને મરી જાય. તેમ જેને રાગની ક્રિયાનો રસ તો તૂટી ગયો પણ આત્માના આનંદનો રસ ન આવ્યો તો તેનો મોક્ષ ન થાય. આત્માના સ્વભાવની ઓળખાણ વિના તેનો કદી ઉદ્ધાર નથી.

આત્માનો સ્વભાવ જ્ઞાનગમ્ય છે. શરીરની કે પુણ્ય-પાપની ક્રિયાથી આત્મા જણાય તેવો નથી. लोकव्यापी लोकातीत लोकमें महित है। ભગવાન આત્મા સત્ ચિદાનંદપ્રભુ કેવો છે? કે–લોકવ્યાપી એટલે કે ત્રણકાળ ત્રણલોકને જાણવાવાળો છે પણ લોકાતીત છે–જગતથી ભિન્ન છે, જગતને જાણનારો જગતથી ભિન્ન છે.

આ સર્વવિશુદ્ધ અધિકાર ચાલે છે. સર્વવિશુદ્ધ આત્માને જાણવો અને તેની દૃષ્ટિ કરવી તે ધર્મ છે. એ જ જન્મ-મરણથી છૂટવાનો ઉપાય છે. એ સિવાય બધાં મરવાના ઉપાય છે. વ્રત–નિયમો પાળીને અનંતવાર ગ્રૈવેઈકમાં ગયો પણ ફરી પાછો પટકાયો—द्रव्यसंयमसे ग्रैवेइक पायौ, फेर पीछो पटक्यो । ૬૦ વર્ષ પહેલાં દુકાનમાં હતો ત્યાં પણ પુસ્તક રાખતો અને વાંચતો હતો. એક એક સજ્જાયમાળામાં ૨૦૦-૩૦૦ સજ્જાય હોય છે તેમાં એમ આવ્યું હતું કે દ્રવ્યસંયમસે ગ્રૈવેઈક પાયો ફેર પીછો પટક્યો. છઢાળામાં પણ આવે છે કે આત્માના ભાન-અનુભવ વિના–

मुनिव्रत धार अनंतबार ग्रैवेइक उपजायो,
पै निज आतमज्ञान बिना, सुख लेश न पायो ।

–આત્માના ભાન વિના પંચમહાવ્રત આદિ ક્રિયા કરવાથી ઉપર ગ્રૈવેઈકમાં તો જીવ જાય છે પણ પછી ત્યાંથી મનુષ્ય કે તિર્યંચ થઈને અંતે તો નરક-નિગોદમાં ચાલ્યો જાય છે. જેને હજુ ભગવાન આત્માનો અનુભવ નથી, સમ્યક્ દર્શન નથી, પોતાની વસ્તુની મહિમાપૂર્વક આનંદનું વેદન નથી તેને તો ચોરાશી લાખ યોનિના અવતાર મળવાના છે. આત્માના અનુભવ વિના સંયમ પાળીને સ્વર્ગમાં જાય તોપણ શું? ત્યાં તો ઈન્દ્રાણી આદિ અનુકૂળ સામગ્રી છે એ તો બધી ધૂળ છે અને તેને ભોગવવાનો ભાવ છે તે રાગરૂપ કષાયના અંગારા છે.

આત્મા લોકમાં મહિત એટલે પૂજનીય છે. બંધ-મોક્ષથી રહિત એવું આત્મસ્વરૂપ જ ઉપાદેય છે. આ જગતમાં પોતાનો શુદ્ધ પ્રભુ જ અંગીકાર કરવાલાયક અને આશ્રય કરવાલાયક છે, બાકી બધું હેય છે. (ક્રમશઃ)

રૂા. ૨૧૦૦૦=૦૦ વઢવાણનિવાસી હાલ બોરીવલી જયાબેન જયંતિલાલ દોશી પરિવાર હ. જયેશભાઈ તથા અક્ષયભાઈ તથા

રૂા. ૧૧૦૦૦=૦૦ શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલા મંડળ તરફથી આ અંકના પ્રકાશન ખાતે સહયોગ પ્રાપ્ત થયેલ છે.

## સુવર્ણપુરી સમાચાર :—

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમપૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિભીની શુભાશિષથી, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | | |
|---|---|---|
| પ્રાત: | : | પૂ. બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાત: | : | જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : | પરમાગમ શ્રી પ્રવચનસાર ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |
| બપોરે પ્રવચન પહેલાં | : | પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : | પરમાગમ શ્રી સમયસાર ઉપર શાસ્ત્ર-પ્રવચન |
| બપોરે પ્રવચન પછી | : | પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૫ | : | જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૦ | : | શ્રી 'કળશ-ટીકા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું CD-પ્રવચન |

### ❀ ધાર્મિક શિક્ષણવર્ગ ❀

પૂજ્ય બહેનશ્રીની જન્મજયંતીના સ્વર્ણિમ અવસર પર સુવર્ણપુરીમાં પ્રતિવર્ષાનુસાર 'જૈન અધ્યાત્મ શિક્ષણવર્ગ'નો પ્રારંભ તા. ૩-૮-૨૦૦૬, ગુરુવારના દિવસે થયો. પુરુષો માટે ૨૦ દિવસ ચાલનાર આ શિક્ષણવર્ગનું સમાપન તા. ૨૨-૮-૨૦૦૬, મંગળવારના દિવસે થયું. સવારે શ્રી પંચાસ્તિકાય તથા સાંજે શ્રી મોક્ષમાર્ગપ્રકાશક (ચોથો અધિકાર) પર શિક્ષણ આપવામાં આવેલ.

❀ **દશલક્ષણપર્યુષણપર્વ :**—ભાદરવા સુદ ૪, સોમવાર તા. ૨૮-૮-૨૦૦૬થી ભાદરવા સુદ ૧૪, બુધવાર, તા. ૬-૯-૨૦૦૬ સુધી દસ દિવસ શ્રી દશલક્ષણપર્યુષણપર્વ દશલક્ષણ-મંડલવિધાનપૂજા તથા મુનિધર્મમહિમાયુક્ત અધ્યાત્મ જ્ઞાન-વૈરાગ્ય-ભક્તિની ઉપાસનાપૂર્વક ઉજવવામાં આવશે. એજ રીતે તા. ૫-૯-૨૦૦૬, મંગળવારથી તા. ૭-૯-૨૦૦૬, ગુરુવાર સુધી ત્રણ દિવસ 'રત્નત્રયધર્મ' પર્વ પણ ઊજવાશે.

❀ **ઉત્તમ ક્ષમાવણીપર્વ :**—ભાદરવા વદ ૧, શુક્રવાર, તા. ૮-૯-૨૦૦૬ના દિવસે ક્ષમાવણીપર્વ ક્ષમાવણીપૂજા, સાંવત્સરિક આલોચના તથા ભક્તિપૂર્વક ઊજવવામાં આવશે.

—આ રીતે પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રી ચંપાબેનની પવિત્ર સાધનાભૂમિ અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરી, સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મતત્વજ્ઞાનની પવિત્ર ઉપાસના, જિનેન્દ્રપૂજાભક્તિ આદિ અનેકવિધ પ્રસન્ન વાતાવરણથી તથા વિભિન્ન યાત્રિઓના આગમનથી સદૈવ પુલકિત રહે છે. આ બધો ભવ્ય પ્રતાપ તેઓ બંને સંતોના ધર્મોપકારનો છે. અહો! જયવંત વર્તો પૂજ્ય ગુરુદેવ તથા પૂજ્ય બહેનશ્રીનો ધર્મોપકારપ્રતાપ!

# પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના
# ૯૩મા મંગલ જન્મોત્સવની ભવ્યાતિભવ્ય ઉજવણી

[તા. ૭-૮-૦૬ સોમવારથી ૧૧-૮-૦૬ શુક્રવાર]

આપણા પરમ તારણહાર પૂજ્ય ગુરુદેવશ્રી તેમ જ ભગવતીમાતા પૂજ્ય બહેનશ્રીના અધ્યાત્મસાધનાતીર્થ સુવર્ણપુરીમાં જેની તૈયારી એક વર્ષથી ચાલી રહી હતી, તથા જે મહોત્સવને ઉજવવા દેશ-વિદેશના મહિલા મુમુક્ષુ મંડળોનાં હૈયાં થનગની રહ્યાં હતાં, તે આંતરરાષ્ટ્રીય મુમુક્ષુ મહિલા મંડળ આયોજિત પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીનો ૯૩મો મહામંગલકારી જન્મોત્સવ આવી પહોંચ્યો.

મુમુક્ષુ ભાઈ-બહેનોનો આ ઉત્સવ ઉજવવાનો ઉત્સાહ એવો અનેરો હતો કે ઉત્સવના બે દિવસ પહેલાંથી જ મુમુક્ષુઓનું સુવર્ણપુરીમાં આગમન શરૂ થઈ ગયું હતું. ઉત્સવના પ્રથમ દિવસે તા. ૭-૮-૦૬ને સોમવારે જ લગભગ ૧૫૦૦ મુમુક્ષુઓ સુવર્ણપુરી આવી ગયા હતા.

આ ઉત્સવની વિશેષતા એ હતી કે તીર્થમંડલવિધાન પૂજામાં સ્થાપિત કરવા ભારતના જુદા જુદા પ્રદેશોના પ્રતિષ્ઠિત ભગવંતો ખંડવા, બેંગલોર, મુંબઈ, ઘાટકોપર, સુરેન્દ્રનગરથી પણ જાણે કે ભક્તોને દર્શન આપવા અગાઉના દિવસે જ આવી પહોંચ્યા હતા.

## ❃ જન્મોત્સવની મંગલ શરૂઆત ❃

આ મહોત્સવની શરૂઆત વહેલી સવારે પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રીના માંગલિક તથા પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા તથા મંગલ જાપથી થઈ. પૂજ્ય ગુરુદેવશ્રીના સીડી પ્રવચન બાદ આ મહોત્સવનાં પ્રમુખ શ્રી પ્રવિણાબેન કાન્તિલાલ કામદારના નૂતન નિવાસેથી શ્રી નાંદિવિધાન કળશ તથા જિનમંદિરમાંથી શ્રીમંડપમાં તીર્થમંડલ વિધાનપૂજન માટે બિરાજમાન કરવામાં આવનાર ભગવંતોનું ભવ્ય સ્વાગત કરી, સર્વે ભગવંતો તથા કુંદકુંદાચાર્યદેવને વિધિપૂર્વક શ્રીમંડપમાં બિરાજમાન કરવામાં આવ્યા. ત્યાર બાદ શ્રી નાંદિવિધાન કલશ સ્થાપન તથા અખંડદિપ-પ્રદીપન કરવામાં આવ્યું, તદુપરાંત કાન્તાબેન અનુપચંદ ખારા પરિવાર, સોનગઢ દ્વારા મંગલ ધ્વજારોહણ વિધિ સંપન્ન થઈ. મંડપમાં જ ઇન્દ્રો દ્વારા આચાર્ય અનુજ્ઞા મેળવી તેમની ઇન્દ્રપ્રતિષ્ઠા કરવામાં આવી. ત્યારબાદ તુરત જ વિધવિધ તીર્થોના પર્વતો તેમ જ મનોરમ ભવ્ય રચનાઓ પર બિરાજમાન ભગવંતો, જેમ કે, કૈલાશ પર્વત પર શ્રી આદિનાથ ભગવાન, સમેદશિખર પર શ્રી ચંદ્રપ્રભ ભગવાન, શ્રી પાર્શ્વનાથ ભગવાન, ચંપાપુરી તીર્થમાં બિરાજમાન શ્રી વાસુપૂજ્ય ભગવાન, ગિરનાર પર્વત પર બિરાજમાન શ્રી નેમિનાથ ભગવાન, શ્રી રાજગૃહી તેમ જ પાવાપુરી તીર્થ પર બિરાજમાન શ્રી મહાવીર ભગવાન, ગોમટેશ્વર પર્વત પર શ્રી બાહુબલી ભગવાન, પોન્નૂર હીલ પર શ્રી કુન્દકુન્દાચાર્યદેવનાં મંગલ ચરણ, તેમ જ કુંદકુંદ ભગવાન તથા સુવર્ણપુરી તીર્થમાં બીરાજમાન શ્રી સીમંધર ભગવાન આદિ ભગવંતોની—તીર્થમંડલ વિધાન પૂજાની મંગલ શરૂઆત કરવામાં આવી જેમાં ભક્તોએ અત્યંત ઉત્સાહ અને ભાવપૂર્વક ભાગ લીધો.

## * આરાધનાની દેવી *

શ્રી આંતરરાષ્ટ્રીય દિગંબર જૈન મુમુક્ષુ મહિલા મંડળના સૌજન્યથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા આ પ્રસંગને અનુલક્ષીને ખાસ તૈયાર કરાવવામાં આવેલ પુસ્તક "આરાધનાની દેવી"નું મહોત્સવ સમિતિના પ્રમુખ શ્રીમતિ પ્રવીણાબેન કાંતિલાલ કામદાર તથા તેમના પરિવારજનો અશ્વિનભાઈ, ભરતભાઈ વિગેરે દ્વારા તથા સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટના ટ્રસ્ટીગણ સાથે મંગલ વિમોચન કરી પૂજ્ય ગુરુદેવશ્રી તથા પૂજ્ય ભગવતી માતાજીને અર્પણ કરવામાં આવ્યું. આ પુસ્તકમાં વિવિધ રંગીન ફોટોગ્રાફ તથા ચિત્રો સાથે પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીના જીવન અને આરાધનાનું ખૂબ જ કલાત્મક અને રોચક શૈલીથી ચિત્રણ કરવામાં આવ્યું છે, જે ભક્તોને ખૂબ જ પસંદ આવ્યું અને તે મેળવવા ભકતો આતુર બની ગયા.

## * ધર્મની શોભા *

સાંજે પૂજ્ય બહેનશ્રીના જીવન ઉપરની ભક્તિ સંગીતમય સુંદર વિડીયો ફિલ્મ "ધર્મની શોભા" નું જસાણી પરિવાર દ્વારા હજારો મુમુક્ષુઓની ઉપસ્થિતિમાં વિમોચન કરવામાં આવ્યું. તેમ જ ફિલ્મનો શરૂઆતનો ભાગ દર્શાવવામાં આવ્યો, જેનાથી મુમુક્ષુ સમાજ અત્યંત પ્રભાવીત અને ભાવવિભોર બની ગયો. ત્યારબાદ પૂજ્ય ગુરુદેવશ્રીનું સીડી પ્રવચન તથા સુંદર સાંસ્કૃતિક કાર્યક્રમ દ્વારા પ્રથમ દિવસનો કાર્યક્રમ સાનંદ સંપન્ન થયો.

## * ઉત્સવનો દૈનિક કાર્યક્રમ *

પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાનો લાભ દરરોજ સવારે મુમુક્ષુઓને પ્રાપ્ત થતો હતો. આ તત્ત્વચર્ચાથી વિવિધ પ્રાંતોમાંથી આવેલા મુમુક્ષુઓ અત્યંત પ્રસન્ન જણાતા હતા.

**તીર્થમંડલ વિધાન પૂજા** :—પ્રથમ દિવસે શરૂ થયેલ આ પૂજન વિધાનનો પાંચે દિવસ એકી સાથે લગભગ બે હજાર મુમુક્ષુઓએ ખૂબ જ આનંદથી અભૂતપૂર્વ લાભ લીધો. આ વિધાનની સુંદર વ્યવસ્થા કરવામાં આવેલી. જેથી સૌ મુમુક્ષુઓને શાંતિથી પૂજાનો લાભ પ્રાપ્ત થાય.

**પૂજ્ય ગુરુદેવશ્રીનાં કલ્યાણકારી પ્રવચનો** :—મહોત્સવના પાંચે દિવસ સવારે અને રાત્રે પૂજ્ય ગુરુદેવશ્રીના સમયસાર કલશટીકા તથા પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃત પર નિજાત્મહિતકારી સીડી પ્રવચનો થયાં જેનો મુમુક્ષુઓએ અત્યંત ભક્તિભાવ તેમ જ ઉલ્લાસથી લાભ લીધો. પ્રવચનોના સમયે મંડપ હકડેઠઠ ભરાઈ જતો.

**ધાર્મિક શિક્ષણવર્ગો** :—ભક્તિની સાથે સાથે મુમુક્ષુઓને તત્ત્વજ્ઞાનના અભ્યાસનો લાભ મળે તે હેતુથી એકી સાથે ત્રણ શિક્ષણવર્ગોનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્તમ વર્ગમાં બ્ર. શ્રી ચંદુભાઈએ પંચાસ્તિકાય પરમાગમ ઉપર, તેમજ મધ્યમ વર્ગમાં ડૉ. પ્રવીણભાઈ, રાજુભાઈ કામદાર, સુભાષભાઈ શેઠ તથા રમેશભાઈ મહેતાએ તત્ત્વજ્ઞાનના વિધવિધ વિષયો ઉપર, તથા

બહેનોમાં બ્ર. આશાબેન તથા બ્ર. કોકિલાબેને પણ અધ્યાપનનું કાર્ય કર્યું. જેમાં મુમુક્ષુઓએ ઉત્સાહભેર ભાગ લીધો.

**વિદ્વાનો દ્વારા શાસ્ત્ર વાંચન** :—દરરોજ બપોરે ડૉ. પ્રવીણભાઈ, રાજુભાઈ કામદાર, હિમ્મતભાઈ ડગલી, અશોકભાઈ ખંડવા, તથા બ્ર. ચંદુભાઈ દ્વારા પૂજ્ય બહેનશ્રીના વચનામૃત, જ્ઞાનવૈભવ, તથા સાધના અને વાણી પર તલસ્પર્શી ભક્તિસભર ભાવવાહી પ્રવચનો થયાં.

**સાંજી ભક્તિ** :—દરરોજ સાંજે ૬-૪૫થી ૭-૪૫ દરમિયાન જેમના તરફથી મહોત્સવની ઉજવણી કરવામાં આવી હતી તે વિવિધ મંડળોની બહેનો તરફથી ગરબા તથા નૃત્યો સાથે ભાવસભર ભક્તિ ગીતોથી ભક્તિ કરવામાં આવતી હતી. જેમાં દરેક મંડળો ભાગ લેવા માટે અત્યંત ઉત્સાહિત હતાં. દરેકે પૂજ્ય માતાજીની ભક્તિ વિધવિધ રીતે કરવાની ખૂબ જ તૈયારી કરી હતી.

**સાંસ્કૃતિક કાર્યક્રમો** :—મહિલા મંડળો મહોત્સવ ઉજવે એટલે સાંસ્કૃતિક કાર્યક્રમો તો હોય જ! જેમાં પૂજ્ય માતાજીના જીવન પ્રસંગો હોય. વિધવિધ ધાર્મિક નાટકો, નૃત્યો, ગરબાઓ, વિવિધ મંડળો દ્વારા એવી સુંદર રીતે રજૂ થયા કે મુમુક્ષુઓ ખૂબ જ પ્રસન્નતા અનુભવતા હતા.

## * ભવ્ય રથયાત્રા *

મહોત્સવના ચોથા દિવસે શ્રી ધાતકીખંડના ભાવિ તીર્થંકર ભગવાનની ભવ્યાતિભવ્ય રથયાત્રા નીકળી. શ્રીજીના મંગળ રથ સાથે હાથી, તેમજ વિવિધ બગીઓ અને પારણા ઝુલનના ભવ્ય ફ્લોટ સાથેની આ રથયાત્રામાં આબાલ વૃદ્ધ-ભાઈઓ તથા બહેનો ભક્તિરસમાં તન્મય થઈને નૃત્ય કરતાં કરતાં ભાવવાહી ભજનો ગાતાં હતાં. રથયાત્રામાં અભૂતપૂર્વ માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. ઠેર ઠેર મુમુક્ષુઓ પોતાના વહાલા ભાવિ ભગવાનનું સ્વાગત કરી આરતી ઉતારતા હતા.

આ રથયાત્રામાં શ્રીજીને રથમાં બિરાજમાન તથા સારથી બનવાનો લાભ હિતેશ સતીશભાઈ દોશી, મુંબઈને પ્રાપ્ત થયો હતો. તથા પૂજ્ય માતાજીના પારણા ઝુલનના ફ્લોટનો લાભ શ્રી મંજુલાબેન શાંતિલાલ મોદી પરિવારને મળ્યો હતો.

## * જન્મ મહોત્સવ શ્રાવણ વદી–૨નો અભૂતપૂર્વ કાર્યક્રમ *

પરમોપકારી પ્રશમમૂર્તિ ભગવતી માતા પૂજ્ય બહેનશ્રીના મહામંગલકારી જન્મોત્સવના મુખ્ય દિવસ શ્રાવણ વદી-૨ની વહેલી સવારે દેવ-શાસ્ત્ર-ગુરુ દર્શન, તથા પૂજ્ય બહેનશ્રીની વિડિયો તત્ત્વચર્ચાથી કાર્યક્રમનો શુભારંભ થયો. તીર્થમંડલ પૂજાની પૂર્ણાહુતી તથા પૂજ્ય ગુરુદેવશ્રીના મહામંગળકારી પ્રવચન બાદ પ્રશમમૂર્તિ ભગવતી માતા અત્યંત ભવ્ય રીતે શણગારેલા સ્ટેજ પર ૭૮ પુષ્પ કમાનોમાંથી પસાર થઈ પધારવાના હોવાથી સ્ટેજ ઉપર મલાડ મુમુક્ષુમંડળના ભાઈ બહેનો તરફથી અદ્‌ભુત નૃત્ય-ગીત-સંગીત દ્વારા ભગવતીમાતાનું દૈવી સ્વાગત કરવામાં આવતાં આખોય મુમુક્ષુ સમાજ જાણે સાક્ષાત્ ભગવતીમાતા પધારવાનાં હોય તેવી ભાવાનુભૂતિથી ડોલી ઉઠ્યો. ભગવતી માતાએ (પ્રતિકૃતિ રૂપે) સ્ટેજ ઉપર પધારી સર્વ પ્રથમ પૂજ્ય ગુરુદેવશ્રીને હીરાથી વધાવ્યા. ત્યારબાદ